# ચર્ચાપત્રો

*(નીચલો અગત્યનો પત્ર, બુર઼્્ગ ડો. બહાદુર પા. જોખી સાહેબ, જેઓ વ્યારા-સોનગઢ અંજુમનનાં પ્રમુખ છે, તેઓએ સપ્ટેમ્બર, ૨૦૦૬ માં નવસારીનાં વડા દસ્તુરજી મહેરજીરાણાને મોકલાવ્યો હતો).*

## નવસારીના દખ્મામાં "સોલાર પેનલ" ની જરૂરજ નથી!

સદાના મહેરબાન નેકનામ માનવંતા વડા દસ્તુરજી મહેરજી રાણા સાહેબ

મને જાણવા મળ્યું છે તે મુજબ નવસારીમાં દખમેનીશીનીની સામે એક પડકાર ઉભો થયો છે; દખમા ફરતેના વિસ્તારમાં દખમાની અંદરથી અસહ્ય દુર્ગંધ ફેલાઈ રહી છે. આ વિસ્તાર રહિશો તથા ત્યાંથી જતાઆવતા લોકો આ અંગે ઉહાપોહ કરી રહ્યા છે. દખમાનુ સંચાલન કરતા ઓદ્દેદારો વિમાસણમાં મુકાઈ ગયા છે એવું જાણવા મળ્યું છે.

આપણી પારસી કોમના કેટલાક સુધારાવાદી લોકો, કંઈક નવુ કરવાની ધગસમાં, દખમેનશીનીની પધ્ધતી આજના જમાનાને અનુરૂપ નથી; આ system ફેઈલ થયેલી હોવાથી, આધુનિક જમાનાને અનુરૂપ આ પ્રથા બદલવી જોઈએ એવી ઝુમબેશ ચલાવી રહ્યા છે. ખોટેખોટા મુદ્દા ઉભા કરી પારસી સમાજના શ્રદ્ધાવાન લોકોને ગુમરાહ કરવાનો પ્રયત્ન કરી રહ્યા છે. આપણી હજારો વર્ષો જુની આ પ્રથાનો, દખમેનશીનીનો સિદ્ધાંત સમજ્યા વગર તેમાં ફેરફાર કરવાની ભલામણ કરે છે.

**મારી નાચીઝ સમજણ મુજબ, નવસારીમાં ઉભી થએલી મુસીબત, આવા સુધારાવાદી લોકોની સલાહ મુજબ દખમાપર ગોઠવેલી સોલર પેનલ જ જબાબદાર અને કારણભુત છે. આ સોલર પેનલનું કાર્ય, દખમેનશીનીના સિદ્ધાંત વિરૂદ્ધનુ છે, અને તે દખમાને મીની-ક્રિમેટોરીઅમમાં ફેરવી નાખે છે. તેથી આ પ્રથા બંધ કરવી જોઈએ.**

દોખમેનશીનીના સિધ્ધાંત મુજબ દખમાની બનાવત એવી છે કે તેને ચારે બાજુઓ દિવાલથી બંધ કરેલી છે. તેથી બહારના ભાગે હવા જોરથી ચાલતી હોય ત્યારે પણ તે હવા દખમાની ગોળ દિવાળ સાથે અથડાઈને સાઈડમાંથી ફંટાઈને સામેની બાજુએ જાય છે. દખમાની અંદર તે દાખલ થઈ શક્તી નથી કારણકે તયાં; કોઈજાતનુ cross-ventilation નહીં હોવાથી અંદર ઘેરાયલી હવા બહાર નિકળી શકતી નથી અને અંદરની હવા અંદર જ રહે છે. આ રીતે દખમાની અંદરની હવા સ્થીર રહે છે; અને સૂર્યકિરણોથી ગરમ થતી રહે છે. આ રીતે દખમાની અંદરની હવાનુ ખાસ હલનચલન થતુ નહીં હોવાથી અને દખમાની હવા સ્થિર હોવાથી તે બહારના વાતાવરણ કરતા ઘણી ગરમ થયેલી હોય છે.

ઉપરથી આવતાં સૂર્યકિરણો હમેશા સમાંતર parallel આવે છે. આકાશમાંથી આવતા આ સૂર્યકિરણો હવાના વાતાવરણને ગરમ કરતા નથી; પરંતુ જમીન પર પડીને જમીન ગરમ કરે છે અને આ ગરમ થયેલી જમીનના સંબંધમાં આવતી હવા ગરમ થાય છે; દખમાની અંદર પડતા આ parallel સૂર્યકિરણો શબના ટિસ્યુઓને બાળતા નથી; પરંતુ ફકત હવાને ગરમ કરે છે. તદુપરાંત દખમાની અંદર રહેલી ગરમ થયેલી હવા, દખમાના વિશિષ્ટ પ્રકારના બાંધકામ થી નાથેલી છે અને કાબુમાં રાખેલી છે જેથી તે દુર્ગંધ બહાર ફેલાવી શકે નહીં. **હવા તો દુર્ગંધ બહાર ફેલાવા માટેનું માધ્યમ છે; carrier છે.** દખમાની હવા સ્થિર રહે છે; તેનુ હલનચલન થતુ નથી. તેથી તેના પરિણામ સ્વરૂપે, હવા મારફતે ફેલાતી દખમામાની દુર્ગંધ બહાર ફેલાતી નથી. દખમાની અંદરની હવા સ્થિર રાખીશુ તો દુર્ગંધનો પ્રશ્ન હલ થઈ જશે.

**દખમેનશીનીનો પાયાનો સિદ્ધાંત છે કે દખમાની અંદરની હવાને સ્થિર રાખી, હવાનુ હલનચલન નહીં**

**થાય તેની કાળજી રાખવી જોઈએ. જયારે સોલર પેનલ, સુર્યકિરણોને concentrate કરી, શબ ઉપર ફોકસ કરી, અંદરની હવાને વધુ પડતી ગરમ કરવાથી હવા પાતળી થાય છે. પાતળી થયેલી આ હવા ઉપર જાય છે. આ હવા દખમામાંથી નીકળી આજુબાજુ ફેલાય છે અને સાથેસાથે દુર્ગંધને લઈ જાય છે. દુર્ગંધ ફેલાવાનુ આ હવા માધ્યમ (મારેફત) બને છે. સોલર પેનલથી હવા ગરમ કરી, પાતળી કરી બહાર ફેંકીએ છીએ. આ ક્રિયા દખમેનશીનીના સિદ્ધાંત વિરૂધ્ધની પ્રવૃતિ ગણી શકાય.**

આપણા ઘેરોમાં મસાલેદાર ચીજો રંધાતી હોય ત્યારે તેની સોડમ બહાર સુધી ફેલાય છે. પરંતુ ચુલો બંધ થતા બહાર ફેલાતી સોડમ બંધ થઈ જાય. દાખલો આપવાની મતલબ એજ કે ગરમ થયેલી હવા જ સુગંધને દુર્ગંધ ફેલાવે છે.

શબનો નિકાલ જલદીથી થાય એવી સમજણથી આ સોલર પેનલનો ઉપયોગ તો કર્યો; પરંતુ તે ભૂલ ભરેલો અને ખોટો સાબિત થયો છે.

તદુપરાંત સોલર પેનલથી, સમાંતર parallel આવતા સૂર્યકિરણો converge (focus) થાય છે અને શબની ચામડી, બીજા ટીસ્યુઓને બાળે છે. આ બળેલા ભાગો જ દુર્ગંધ ઉત્પન્ન કરે છે.

**સ્કુલમાં સાયન્સના પ્રયોગો કરી સમજાવવામાં આવે છે કે બીલોરી કાચ (convex lens) વડે સમાંતર આવતા સૂર્યકિરણો concentrate કરી એક જગ્યા ફોકસ કરીએ તો ત્યાં મુકેલુ કાગજ સળગી ઉઠે છે. તેજ રીતી સોલર પેનલથી** focus કરેલા સુર્યકિરણો ચામડી-બીજા ટીસ્યુઓને બાળીને દુર્ગંધ ઉત્પન્ન કરે છે. તે સાથે ઉપર જોયું તેમ આનાથી પાવી ઉપરની હવા પાટળી થઈ બહાર નીકળે છે અને સાથે સાથે બળેલી ચામડી વગેરેની દુર્ગંધ સાથે લઈ આજુબાજુના વાતાવરણમાં ફેલાવે છે. દખમેનશીનીમાં હવા બહાર જઈ શકતી નથી.

આજ એનો મુળ સિધ્ધાંત અને ખુબી છે. સોલર પેનલથી આપણે દખમાને થોડે વત્તે અંશે ક્રીમેટોરીયમ બનાવ્યે છે. દખમામાં direct પડતા સમાંતર સૂર્યકિરણો ચામડી-ટીસ્યુને બાળી શકતા નથી. પરંતુ જરૂર પુરતા ગરમ કરી શવને dehydrate કરે છે. મેડીકલ સિધ્ધાંત છે કે આપણા શરીર ૭૦% પાણીનુ બનેલુ છે. આ પાણીનો ભાગ સુકવી નાખી, સૂર્યકિરણો શબને dehydrate કરી disintegrate (વેરવિખેર) કરે છે.

**સોલર પેનલથી દખમુ એક ભઠ્ઠી બની જાય છે; અને ટીસ્યુઓ બાળી દુર્ગંધ આપણેજ ઉત્પન્ન કરીએ છે અને હવાનું હલનચલન વધારી તેને બહાર ફેંકીએ છીએ.**

કોઈ જાતનો અવિવેક થયો હોય તો માફી ચાહુ છુ. ગુસ્તાખી કરવા બદલ દરગુજર કરશોજી.

દખમેનશીનીના સિધ્ધાંતને ઠોકરે મારી, દખમાનો એક ક્રિમેટોરીઅમ જેવો ઉપયોગ આપણે કરી રહ્યા છીએ; એવું હું માનુ છુ.

બહુજ નમનતાઈથી અને ખંચકાટપૂર્વક સૂચન કરૂ છું કે આ ભુલભરેલી **પધ્ધતિ નાકામયાબ થઈ છે. એક પ્રયોગ તરીકે ૧૦-૧૫ દિવસ સોલર પેનલનાં વપરાસ બંધ કરી,** દુર્ગંધમાં ફેર પડે છે કે કેમ તેની અજમાઈશ કરવી જોઈએ. મારા મંતવ્ય મુજબ આનાથી દુર્ગંધ અવશ્ય ફેલાતી અટકશે. ભલે શબનો નિકાલ થવામાં થોડો વધુ વખત લાગે. પરંતુ દુર્ગંધથી ઉભો થએલી માથા દુખણનો પ્રશ્ન અને માનસિક ટેન્શન મટી જશે.

તેથી, પેનલોનો ઉપયોગ ૧૦-૧૫ દિવસ બંધ કરી દુર્ગંધના ફેલાવવો અટકાવાનો અનુભવ મેળવવા નમ્ર સુચન કરૂ છું.

લી.
નમ્ર સેવક
બહાદુર પા. જોખીના સલામ

---

*"કોલાંમાય કહાં છે?" આ સવાલ કેટલા વાંચકો અમને પૂછયા કરે છે. તેઓને જણાવવાનુ કે કોલાંમાય ૨૦૦૭ નાં અંકોમાં એમની કંપની સાથે ફરીથી "પારસી વૉઈસ" માં પધારશે.*

# ગીધો વગર પણ દોખમેનશીનીની રૂઢીજ સૌથી શ્રેષ્ઠ છે

દોખ્મેનશીનીની રૂઢી વિરૂદ્ધ હાલમાં જે ચળવળ ચાલી રહી છે તેવી ચળવળ વર્ષો પહેલાંથી અવારનવાર ધનબાઈ બારિયા જેવી કુહાડીના હાથા બનેલા વ્યક્તિઓએ કરી હતી. ધનમાય બારિયા હોય કે દીનમાય બારિયા હોય, તેમને ખોટું ઉત્તેજન મળવું ન જોઈએ.

દોખમેનશીનીની રૂઢી વિરૂદ્ધીવાલાઓ કહે છે કે દોખમામાં પડેલી લાશોના વિચારથી સગાઓ દુઃખી થાય છે; તે માટે મારૂં કહેવુ છે કે જ્યારે કોઈ જરથોસ્તીને ટ્રેન કે પ્લેનનો અકસ્માત થાય, ત્યારે તેના શરીરના ટૂકડેટૂકડા થઈ જાય; ત્યારે તેમના સગાઓને મરનારની હાલતનો વિચાર નથી આવતો? હોસ્પીટલમાં હાર્ટના ઓપરેશનની વખતે દર્દીની છાતી ચીરવામાં આવે, ત્યારે તેમના સગાઓને ચીતરી ન ચઢે? અમુક સંજોગોમાં દર્દીનો આખો પગ કે હાથ કાપી નાખવામાં આવે ત્યારે તેમના સગાઓને કંપારી ન છૂટે? જે ધર્મગુરૂઓ, ધર્મઅભ્યાસીઓ અને બની બેઠેલા પારસી સુધારકો કે જેમણે કદી દોખમામાં પગ મૂક્યો નથી, તેઓએ તેમના સગાઓને કહી રાખ્યું છે કે તેમને દોખમાને બદલે ક્રિમેટ કરે? મેં પણ નારગોલના લગભગ સો વર્ષ જુના દોખમામાં લાશને અવલનમંજળ પુગાડવા માટે ચાર વખત નશેશાલાર તરીકે મફત સેવા આપેલી. ત્યાં ગીધો ન હોવા છતાં દોખમામાં મુકેલ લાશોની દુર્ગંધ બહાર કદી ફેલાતી નથી કે હવામાં કોઈપણ જાતનો બગાડો થતો નથી, ત્યાનાં વર્ષોથી દોખમાની આજુબાજુ રહેતા લોકોએ તેની કંઈ પણ ફરિયાદ હજી સુધી કીધી નથી. શેઠ હોશંગ વાણિયા, શેઠ ફરોખ ગોવાડિયા, અને બીજા ટ્રસ્ટીઓ નિયમિત રીતે દોખમું સાફ કરાવે છે.

ઈરાનમાં ત્રણચાર હજાર વર્ષો પહેલાં લાશોને ડુંગર પર સુરજને હવાલે મૂકતા હતા, અને ભારતમાં તેરસો વર્ષોથી દોખમામાં સુરજને હવાલે લાશો મૂકવામાં આવે છે તે રૂઢિને બદલવાની બિલકુલ જરૂર નથી. એમાં લાગણીને સ્થાન નથી.

શાપુર સ્યાવક્ષશાહ ખંધાડિયા - નારગોલ

# રૂસ્તમજી કાવસજી બનાજી કદમી આતશ આદરાન સાહેબ (કોલકાતા)

તંત્રી શ્રી,

કલકત્તા મધે સને ૧૯૩૯ના સાલ દરમ્યાન આ આદરાન સાહેબ હસ્તીમાં આવ્યા હતા. આ આદરાન સાહેબે તે જમાનામા પારસી જરથોસ્તી રહીશોની સારી જેવી પાસ્બાની કરી છે. પાદશાહ સાહેબ પ્રત્યે હમદીનોને પૂરતી શ્રદ્ધા પણ હતી. ધીમે ધીમે કાલચંદ્રની ગતીએ આ આદરાન સાહેબનું પતન થયું. સ્થાપીત કરેલા આતશ નું શું થયું તેની જાણકારી નથી. લગભગ ૩૦ વરસ થયા આ આદરાનની હાલત ઘણી ક્કોડી અને શરમજનક છે, કે આપણા જરથોસ્તીઓને લજવાવું પડે. આદરાન સાહેબની મિલ્કત સાથે મોટું કમ્પાઉન્ડ અને બીશ્યાર જગ્યા છે. અંદાજાય છે કે તેની વેલ્યુ આશરે ૧૦૦ ક્રોડ જેટલ છે.

આજે આ કમ્પાઉન્ડમાં ભારી એનક્રોચમેન્ટ હસ્તી ધરાવે છે. બધી જગ્યા પરકોમીઓએ કબજે કરી લીધી છે. અંદર નાની મોટી દુકાનો ચલાવી ધંધા થાય છે. આ ઉપરાંત આ સ્થાન ઉપર અષ્લીલ ધંધા ચાલે છે. ત્યાંના પારસી જરથોસ્તીઓ માટે આ એક ભયંકર કલંકને ડાગ છે. તેના મેનેજીંગ ટ્રસ્ટી તરીકે વારસાઈ હકથી હાલ શ્રી ખુશરૂ બનાજી છે. પરંતુ કાંઈ સારો દિવસ લાવી શકતા નથી. ગયા માર્ચ ૨૦૦૬માં મુંબઈથી મી. મરઝબાન ગ્યારા કલકત્તા ગયા હતા. તેઓએ ત્યાંના જરથોસ્તીઓ સાથે મંત્રના કરી કાંઈક ઉકેલ લાવવાની સારી જેવી કોશેષ કરી હતી. એઓ સાહેબ કલકત્તા અંજુમનના પ્રેસીડન્ટ ને પણ મલ્યા હતા, અને બીજા વગવસીલા વાલા જરથોસ્તીઓને પણ મલ્યા હતા. જેઓએ એવો મત દર્શાવ્યો કે આ ટ્રસ્ટના મુતવલી શેઠ ખુશરૂ બનાજી કાંઈક ઓથોરીટી આપે યા કબજો લેવાની તજવીજમાં સાથ આપે તો આ દબાણ દૂર થઈ શકાય તેમ છે. જોકે ખુશરૂ બનાજી પોતે એક સારા લોયર છે. એઓ પોતે પણ સમજે છે કે આ ધર્મસ્થાન એક હેરીટિજ મોન્યુમેન્ટ છે. છતાં પોતે તદ્દન નિરસ છે.

હવે દિવસે દિવસે આપણાં ધાર્મિક મકાનોની હસ્તી દરેક શહેરમાં જોખમી થઈ પડી છે. આ કલકત્તાની દરેમહેરનો બનાવ દયાજનક છે. મારી નાચીઝ સમજદારી મુજબ એનુ વાળણ થઈ શકે તેમ છે. આ બાબદમાં હું મુંબઈના બનાજી આતશ બહેરામ સાહેબના સિનીયર-મોસ્ટ બોયવાલા સાહેબ અસ્પંદીયાર ફરામરોજ નાલ્લાદારૂ ને નમ્ર અરજ કરૂં છું કે એઓ સાહેબ ચુસ્ત કદમી યોઝદાથ્રેગર છે. એમનો મુંબઈમાં બનાજી આતશ બહેરામ માં સારો જેવો વગવસીલો છે. જો આ પ્રકરણમાં એઓ સાહેબ સાહસીકતા બતાવે તો તેને પહોંચી શકે તેમ છે. માટે અસ્પંદીયાર સાહેબ તમો મન ઉપર લઈ આ ધાર્મિક મકાનનું દૂષણ દૂર કરવાને પ્રયત્ન કરો એવી મારી વિનંતી છેજી.

કેરસાસ્પ મર્ઝબાન નાલ્લાદારૂ

Edited, printed and published by Adi F. Doctor, 803-C, Dr. B. Ambedkar Road, Dadar, Mumbai 400 014. Associate Editor : H.M. Mistry
Printed at H.J. Commercial Printers at 329 Milan Industrial Estate, T.J. Marg, Cotton Green (W), Mumbai 400 033.
e-mail: theparseevoice@yahoo.com